જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૪/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી:-** **સમાચાર યાદી નં.૭૨૧/૧૭**

### કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

અમોને ઉપરી અધિકારીશ્રીઓ તરફ થી મિલક્ત સંબધી ગુનાઓ શોધી કાઢવા મળેલ સુચના આધારે અમોએ સર્વે સ્કોડ પોસઇ એ.એસ.અસારી તથા પોલીસ સ્ટાફ ના માણસોને જરૂરી માર્ગદર્શન આપેલ જેથી બાતમી આધારે તા ૬/૪/૧૭ ના કલાક ૧૯/30 વાગે આદિશ્વરનગર કેનાલ પાસે આવતા (૧) ચીરાગ ઉર્ફે ચીંટુ સ/ઓ હસમુખભાઇ રામજીભાઇ જાતે સોલંકી.ઉવ ૧૮,રહે રોહીતવાસ ,પોસ્ટ ઓફીસ પાસે,નરોડા ગામ,અમદાવાદશહેર નાઓ બે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો સાથે એક્ટીવા હોંડા કંપનીનુ જેનો આર.ટી.ઓ.નંબર–GJ-01-LA-9302 નુ કિરૂ ૨0000/ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર પાસેથી એક સોની એક્સપ્રીયા મોબાઇલ ફોન કિરૂ ૧૫000/ ની મળી આવેલ.જે એક્ટીવા તથા મોબાઇલ ફોન બાબતે ત્રણેય ઇસમોને વિસ્વાસમા લઇ પુછતા ત્રણેય સાથે મળી તારીખ ૨૭/૩/૨૦૧૭ ના રાતના આશરે એક વાગે વ્યાસવાડી રોડ સુરજ પાર્ક સોસામા એક મકાનની બારી માથી એક મોબાઇલ ફોન સોની કપનીનો ચોરેલ તથા તેની બાજુમા પડેલ મોસાની ચાવી થી કપાઉંડ માથી હોંડા લીવો મોસા જેનો જીજે ૦૧ એફ.ઝેડ.૩૬૭૬ નાની ચોરી કરેલ.ત્યાર બાદ બસીધંર સોસા. વ્યાસવાડી પાસે થી પણ સાથે મળી એક એક્ટીવા હોંડા GJ-01-LA-9302 કિરૂ નાનુ ચોરી કરેલાને કબુલાત આપતા હોય.જે બાબતે તપાસ કરતા મોબાઇલ ફોન અને હોંડા લીવો મોસા ચોરી બાબતે (૧).કૃષ્ણનગર પો સ્ટે ફસ્ટ. ગુ.ર.નં ૮૧/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તથા હોંડા એક્ટીવા ની ચોરી બાબતે (૨). ફસ્ટ ગુ ર નં ૮૨/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેક કરી ઉપરોક્ત આરોપી નં-૧ ને કૃષ્ણનગર પોસ્ટે ફસ્ટ ગુ રનં ૮૨/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે તારીખ ૬/૪/૨૦૧૭ ના કલાક ૧૯/30 વાગે અટક કરી.તથા સદરી કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોરોની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મેઘાણીનગર પો.સ્ટે વિસતારમા મીલકત સબંધી ગુનાઓ કરતા આરોપીઓ પાસેથી કીમત રૂપિયા ૬૫.૫૦૦/- ના ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલતી મેઘાણીનગર પોલીસ.**

ના.પો.ક.મી.શ્રી ઝોન-૪ આહેબ નાઓની સુચનાથી તથા મ.પો.ક.મી.શ્રી જી ડીવીઝન અને પોલીસ ઈન્સપેક્ટરશ્રી મેઘાણીનગર નાઓના માર્ગદર્શન હેઠળ મેઘાણીનગર પોલીસના હે.કો દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં-૭૬૨૦ તથા સાથેના પો.કો સંદીપકુમાર મંગાભાઇ બ.નં ૩૬૯૯ તથા એલ આર કીરણસિંહ ગોપાલસિંહ બ.નં-૧૨૪૩ નાઓ એ રીતેના મેઘાણીનગર સ્ટેશન વિસ્તારમા થતા મિલકત વિરુધ્ધના ગુનાઓ અટકાવવા સારુ પેટ્રોલીંગમા હતા દરમીયાન ફરતા ફરતા કલાક ૧૫/૦૦ વાગે મેઘાનીનગર કાર્ગો ગેટ પાસે આવતા સાથેના એલ આર કીરણસિંહ ગોપાલસિંહ બ.નં-૧૨૪૩ નાઓએ બાતમી હકીકત આપેલ કે એક એક્ટીવા નં – જીજે.૦૧.ઇજેડ.૭૧૯૬ સફેદ કલરની જે લીમડા બસ સ્ટેન્ડ તરફથી એક એક્ટીવા પર બે વ્યક્તી બેસી આવેલ જેઓના પાસે કેટલાક ચોરીના મોબાઇલ અથવા છલકપટ્થી મેળવેલ હોવાનુ જણાવતા વોચમા રહી તપાસ કરતા એક્ટીવા પર (૧) દેવેન્દ્ર ઉર્ફે સુરજ સોકતરામ જાતે તૈલી ઉ.વ. ૨૧ ધંધો- મજુરી રહે . બીરેન શેઠની ચાલી વિ.વી.તોમર સ્કુલની પાસે વિધ્યાનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર અ'વાદ મુળ ગામ-પચાય ઉત્તર પ્રદેશ તથા (૨) આકાશ સુરેન્દ્રસિંહ જાતે બઘેલ ઉ.વ.૧૯ ધંધો- અભ્યાસ રહે બીરેન શેઠની ચાલી વિ.વી.તોમર સ્કુલની પાસે વિધ્યાનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર અ'વાદ મુ.ગા. કીશનધઢ તા-ઉમરી જી- ગ્વાલીયર મધ્યપ્રદેશ નાઓની પાસેની એક્ટીવામાથી કંપનીના કુલ્લે સાત મોબાઈલ તથા એક્ટીવા મળી કુલ્લે ૬૫.૫૦૦/- ની મતાનો મુદ્દામાલ રીકવર કરેલ છે

ઉપરોક્ત ઇસમો પાસેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા મેઘાણીનગર પો.સ્ટે ફસ્ટ ૪૭/૧૬ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ કામે મેઘાણીનગર વિસ્તારમાં આવેલ વી.વી. તોમર સ્કુલ મા પરીક્ષા આપવા આવેલ વીધ્યાર્થીઓના મોબાઇલ ચોરી કરેલાની કબુલાત કરેલ છે અને હલ તપાસ જારી છે.

**ખોખરા પોલીસ સ્ટેશન દ્વારા નાસતા-ફરતા આરોપીને ઝડતી પાડવા બાબતે**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઈ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓની દ્વારા આપવામાં આવેલ અમદાવાદ શહેર વિસ્તાર ના પોલીસ સ્ટેશનનોમાં મિલ્કત સંબધી ગુન્હા સબબ આરોપીઓને શોધી કાઢી કાયદેસર ની કાર્યવાહી કરવા સારૂ આપેલ સુચના અનુસાર રાખવા આવેલ ઝુબેશ આધારે ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી આર.એ જાદવ ના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ શ્રી આર.એમ ચૌહાણ તથા સ્ટાફ દ્વારા ખોખરા ફસ્ટ ગુ.ર.ન-૧૦૩/ ૨૦૧૬ ઈપીકો કલમ ૩૭૯,૩૫૬૧૧૪ મુજબ આરોપી સેફઆલમ @ આલમ સન/ઓ મુસ્તકીમએહમદ અન્સારી ઉ.વ-૧૯ રહે- ધોબી ની ચાલી કલન્દરી મસ્જીદ ની પાસે રખિયાલ રોડ રખિયાલ અમદાવાદ હાલ રહે અકબરનગર ના છાપરા ગરીબ નગર ચાર રસ્તા બાપુનગર અમદાવાદ નાની શોધી કાઢી ગુન્હામાં ઝડપી પાડી આગળ ની વધુ તપાસ તજવીજ હાથ ધરેલ છે





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા પોલીસ સ્ટેશન**

આજરોજ મે સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -૧ સાહેબને સુચના થી નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ અમો પો. સબ. ઇન્સ. એચ. બી. ચાવડા તથા સાથેના સ્ટાફના માણસો દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ નામે (૧) કાર્તીક ઉર્ફે કાલુ કમલેશભાઇ પટેલ ઉ.વ.૧૯ રહે, મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ નાનો તથા (૨) વૈભવ ઉર્ફે લાલો રાજેશભાઇ શેઠ (વિપ્રુવ) ઉ.વ.૨૩ રહે, ડી/૪ ગોકુલધામ સો.સા પરીમલ હોસ્પીટલ પાછળ મોટેરા રોડ સાબરમતી અમદાવાદ શહેર નાઓને તા.૦૩/૦૪/૧૩ ના કલાક ૦૫/૩૦ વાગે અટક કરેલ છે. તથા નં. (૩) રોનક મહેન્દ્રભાઇ પટેલ રહે,સી/૪૦૨ એ શ્રી લાઇટ્સ સંકલ્પ વિલાની સામે મણીલાલ પાર્ટીપ્લોટ સામે મોટેરા અમદાવાદ નાની ઉંમર ૧૭ વર્ષ ચાર માસ નાનો કાયદાસ સાથે સંઘર્ષમાં આવેલ કિશોર હોય તેની જુવેનાઇલ એક્ટ મુજબની કાર્યવાહી કરેલ,

આ આરોપીઓએ આજથી પંદરેક દિવસ પહેલા રાત્રીના સમયે એક કાળા કલરનું એક્ટીવા જેની આગળ નંબરપ્લેટ નથી જેનો ચે.નં.૮૧૮૫૧૨૫ તથા એ.નં.૮૧૧૮૪૨૨૬ નો છે જેની કિ.રૂ.૧૭૦૦૦/- ગણાય જે સી.ટી.એમ ખાતે બરોડા એક્ષપ્રેસ હાઇવે ઉપર આવેલ બગીચાની રેલીંગ પાસે પાર્ક કરેલ હતુ જેનું લોક તોડી ચોરી કરેલ હોય અને જે એક્ટીવા સાથે ઉપરોક્ત ઇસમો મળી આવતાં જે એક્ટીવા સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરેલ છે. તથા જે ચોરી અંગે તપાસ કરતા સદરી બનાવ બાબતે રામોલ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં,૩૮/૨૦૧૩ ઇપીકો કલમ ૩૭૯ મુજબ નો દાખલ થયેલ જે ગુનો ડીટેક્ટ કરેલ. જે આપ સા. મે. ને વિદિત થાય તા ૦૩/૦૪/૨૦૧૩



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## પેસેન્જરની નજર ચુકવી ચોરી કરતી ગેંગનો પર્દાફાસ કરી ગુનાનો ભેદ ઉકેલતી નરોડા પોલીસ

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના તથા નરોડા પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.બી.રાણા નાઓના માર્ગદર્શન હેઠળ મીલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ બનતા ગુનાઓ અટકાવવા આજરોજ સર્વેલન્સ સ્ક્વોડના પો.સબ.ઇન્સ શ્રી કે.એચ.જાડેજા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કોન્સ ધવલકુમાર ઘનશ્યામભાઇ નાઓની બાતમી હકીકત આધારે બસમા તથા લક્ઝરીમા પેસેન્જરની નજર ચુકવી પૈસા તેમજ સરસામાનની ચોરી કરતો ઇસમ વિજય @ કાનો બજરંગ જાદવ ઉ.વ-૧૯ રહે કેકાડીવાસ,કુબેરનગર "એ" વોર્ડ, સરદારનગર ,અમદાવાદ શહેર મુળ રહે ગામ સોલાપુર તા,જી-લીબાવાડી,મહારાષ્ટ્ર નાને નરોડા પાટીયા પાસેથી પકડવામા આવેલ છે.

ઉપરોક્ત પકડાયેલ આરોપીની અંગઝડતી કરતા તેની પાસેથી રોકડા રૂ ૮૦,૦૦૦/- કબ્જે લેવામા આવેલ જે રોકડ રકમ સબંધે સઘન પુછપરછ કરતા સદર આરોપીએ નરોડા પાટીયા પ્રકાશ સ્ટુડીયો પાસેથી એક પેસેન્જર ના ખીસ્સામાથી રૂ ૧,૦૦,૦૦૦/- ની ચોરી કરેલાનુ જણાવેલ જે સબંધે નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૧૧૩/૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.અને સદર ગુન્હામા આ આરોપી સાથે અન્ય બે આરોપીઓ શશીકાન્ત @ નોળીયો રાજુ જાદવ રહે સદર તથા ગણેશ ગાયકવાડ રહે સદર નાઓ પણ સંડોવાયેલ હોવાનુ જણાવેલ છે.જે વોન્ટેડ આરોપીઓ બાબતે તેમજ સદરી આરોપી આ સિવાય આવા પ્રકારની અન્ય કોઇ ચોરી કરેલ છે કે કેમ તે અંગે આગળની વધુ તપાસ ચાલુ છે.

---

## - : દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ ખંડણી માંગવાના તેમજ ગેરકાયદેસર કારતુસ (હથીયાર) ના ગુનાના આરોપીઓને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

અત્રેના પોલીસ સ્ટેશન ખાતે સેકન્ડ ગુ.ર.નં.૩૧૨૭/૨૦૧૭ થી ઇપીકો કલમ ૩૮૪, ૫૦૭ તથા સેકન્ડ ગુ.ર.નં.૩૧૨૯/૨૦૧૭ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે આરોપી નાવેદ સન/ઓફ મહમદ આગોશ જાતે ખલીફા (હજામ) ઉ,વ ૨૧, રહે પાંચમા માળે ,આમના ફ્લેટ, બૈરેલ માર્કેટ, ચીરાગપાર્ક, દાણીલીમડા અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ કરસરા, તાલુકો બિલારી, જીલ્લો મુરાદાબાદ કાથી ઉતરપ્રદેશ નાને પકડી અટક કરી પુછપરછ દરમ્યાન સદર બંન્ને ગુનાઓ તેણે તથા આરોપીઓ (૧) રઇશ નિશારએહમદ સલમાની ઉ.વ.૪૦ ધંધો.ડ્રેસીંગ રહે : મ.નં.એલ/૩૬ જીતુ ભગત કમ્પાઉન્ડ ગલી નં.- ૧૫ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર મુળ વતન : સમ્ભલ સરાઇતરી નજરખેલ ચકલી તા.સમ્ભલ જિ.મુરાદાબાદ ઉતરપ્રદેશ તથા (૨) ફારુખ અબ્દુલરહીમભાઇ સલમાની ઉ.વ.૩૫ ધંધો.ડ્રેસીંગ રહે : મ.નં.૨૦૫ ચિરાગ પાર્ક એયુબ મસ્જિદની બાજુમાં બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર મુળ વતન ગામ : ચન્દોસી લક્ષ્મણગંજ તા.ચન્દોસી જિ.મુરાદાબાદ ઉતરપ્રદેશ નાઓએ ભેગામળી આચરેલ હોવાની હકીકત જાણવા મળેલ હોય જે આધારે પકડવાના બાકી આરોપીઓને બંન્ને ગુનામાં પકડી અટક કરી તપાસ દરમ્યાન ખંડણી આપવા સારૂ ગુનામાં ઉપયોગમાં લીધેલ **સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૧,૦૦૦/- તથા તેઓ પાસેથી મળી આવેલ દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૫,૦૦૦/- તથા જીવતા કારતુસ નંગ-૩ કિ.રૂ.૦૦/-** તપાસ અર્થે કબ્જે કરી દાણીલીમડા પો.સ્ટે ખાતે દાખલ થયેલ ઉપરોક્ત બંન્ને ગુનાઓનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજ તા.૭/૪/૧૭ નારોજ સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા બાબતે નાગરીકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.






નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)